પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૪૯ ૦૭ ઓગસ્ટ, ૨૦૨૩, સોમવાર; અધિક શ્રાવણ વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

રેલવેના ઈતિહાસમાં એક નવો અધ્યાય શરૂ : મોદી

વડાપ્રધાન મોદીએ દેશભરના ૫૦૮ રેલવે સ્ટેશનોના નવિનીકરણનો શિલાન્યાસ કર્યો : ગુજરાતના ૨૧ સહિત દેશના ૫૦૮ રેલવે સ્ટેશનોની કાયાકલ્પ : વડાપ્રધાન મોદીએ કાયાકલ્પ થનારા રેલવે સ્ટેશનનોનું વર્ચ્યુઅલી ભૂમિપૂજન કર્યું છે : દેશમાં અમૃત ભારત યોજના હેઠળ રેલવે સ્ટેશનોનો વિકાસ કરાશે

નવી દિલ્હી, તા.૬

દેશના ૫૦૮ રેલવે સ્ટેશનનોનું ભવિષ્ય જલદી બદલાશે, વડાપ્રધાન મોદીએ કાયાકલ્પ થનારા રેલવે સ્ટેશનનોનું વર્ચ્યુઅલી ભૂમિપૂજન કર્યું છે. દેશમાં અમૃત ભારત યોજના હેઠળ ૧૩૦૯ રેલવે સ્ટેશનોનો વિકાસ કરવામાં આવશે.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને સંબોધિત કરી રહ્યા છે, જેમાં તેમણે જણાવ્યું કે, ભારત, જે વિકસિત થવાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે, તે પોતાના અમૃતકાળની શરુઆતમાં છે. નવી ઉર્જા, નવી પ્રેરણા અને નવો સંકલ્પ છે અને નવી ભાવનાઓ સાથે ભારતીય રેલવેનો ઈતિહાસમાં એક નવો અધ્યાય શરુ થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતના લગભગ ૧૩૦૦ મુખ્ય રેલવે સ્ટેશન હવે અમૃત ભારત રેલવે સ્ટેશન તરીકે વિકસિત કરવામાં આવશે. જેમાં ૫૦૮ અમૃત ભારત સ્ટેશનના પુનર્નિર્માણનું કામ શરુ થઈ ગયું છે.

આ ૫૦૮ સ્ટેશનોના નવનિર્માણ પર લગભગ ૨૫ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ લાભ દેશના લગભગ તમામ રાજ્યોને મળશે. જેમકે ઉત્તરપ્રદેશના લગભગ ૪ હજાર કરોડના ખર્ચથી ૫૫ સ્ટેશનો

● અનુસંધાન પાન-૭ પર

અસારવા, કલોલ, પાલનપુર, ન્યુ ભુજ સહિત ૨૧ રેલવે સ્ટેશનનો કાયાકલ્પ થશે

તમામ સ્ટેશન ઉપર મલ્ટીલેવલ પાર્કિંગની વ્યવસ્થા હશે

અમદાવાદ, તા.૬

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આજે પીએમ મોદીએ ૫૦૮ રેલવે સ્ટેશનનો રિડેવલપમેન્ટની આધારશીલા રાખી છે. અત્રે જણાવવાનું કે આ પ્રોજેક્ટ પર ૨૪ હજાર ૪૭૦ કરોડ રૂપિયા ખર્ચ થવાનો અંદાજ છે. ૨૦૨૫ સુધીમાં આ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ કરવાનો લક્ષ્યાંક છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આ ૫૦૮ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ થશે. જેમાં ૨૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના રેલવે સ્ટેશનો સામેલ છે. અત્રે જણાવવાનું કે પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૫૦૮ સ્ટેશનોના પુનઃવિકાસની આધારશીલા મૂકી. આ ૫૦૮ રેલવે સ્ટેશનોનો પુનઃ વિકાસનું કામ આગામી ૩૦ વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ સ્ટેશનોને સિટી સેન્ટર તરીકે વિક્સિત કરવામાં આવશે.

ગુજરાતના આ સ્ટેશનોનો થશે કાયાકલ્પ

અસારવા, હિંમતનગર, સંજાણ, ભચાઉ, કલોલ, સાવરકુંડલા, ભક્તિનગર, કેશોદ, સુરેન્દ્રનગર, ભરૂચ, વિરમગામ, મિયાગામ, કરજણ, બોટાદ, ડભોઇ, ન્યુ ભુજ, વિશ્વામિત્રી, પાલનપુર, દેરોલ, પાટણ, ધાંગધ્રાં, પ્રતાપનગર.

અમૃત ભારત સ્ટેશન યોજના માટે ૨૪૪૭૦ કરોડ જોગવાઈ કરવામાં આવી છે. ૫૦૮ સ્ટેશન વિશ્વકક્ષાના બનાવવામાં આવશે.

જેમાંથી ગુજરાતમાં ૨૧ રેલવે સ્ટેશન રી ડેવલપ કરવામાં આવશે. ગુજરાતના ૨૧ રેલવે સ્ટેશન રીડેવલપ કરવા પાછળ ૮૪૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. રેલવે સ્ટેશનમાં શોપિંગ ઝોન,ફૂડ કોર્ટ, કીડ્સ પ્લે એરિયા બનાવવામાં આવશે.અલગ અલગ પ્રવેશ અને નિકાસ દ્વાર બનાવવામાં આવશે. તમામ સ્ટેશન ઉપર મલ્ટીલેવલ પાર્કિંગ અને એસકેલેટર તૈયાર કરવામાં આવશે.

રાજ્યસભામાં આજે રજૂ થશે દિલ્હી ઓર્ડિનન્સ બિલ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બિલ રજૂ કરશે : કેજરીવાલ અને કેન્દ્ર સરકાર બંને માટે ઈન્તજારની ઘડી

નવી દિલ્હી, તા.૬

દિલ્હીના અધિકારીઓની ટ્રાન્સફર પોસ્ટિંગ સંબંધિત અધ્યાદેશ આવતીકાલે એટલે કે, ૭ ઓગસ્ટે રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. ગૃહમાં આ બિલ પર ચર્ચા થઈ શકે છે. પત્ર જાહેર કરતા રાજ્યસભાના મહાસચિવ પી.સી. મોદીએ જણાવ્યું હતું કે, ૭ ઓગસ્ટે કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ રાજ્યસભામાં દિલ્હી અધ્યાદેશ બિલ રજૂ કરશે. આપને જણાવી દઈએ કે, દિલ્હી અધ્યાદેશ ધરાવતું બિલ લોકસભામાં પહેલા જ પસાર થઈ ચૂક્યું છે. જ્યારે રાજ્યસભામાંથી પસાર થયા બાદ તે રાષ્ટ્રપતિ પાસે મંજૂરી માટે જશે, જ્યાંથી તે કાયદો બની જશે. બીજી તરફ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ માટે જ નહીં, પરંતુ કેન્દ્ર સરકાર માટે પણ આ અગ્નિપરીક્ષાથી ઓછું નથી.

સૌપ્રથમ દિલ્હી અધ્યાદેશ બિલ લોકસભામાં સરળતાથી પસાર થઈ ગયું છે. આ બિલ પર ચર્ચા બાદ થયેલા વોટિંગમાં વિપક્ષ નિષ્ફળ ગયો. તો આવતીકાલે રાજ્યસભામાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આ બિલ રજૂ કરશે. આ બિલ પર ચર્ચા બાદ મતદાન થશે અને ત્યારબાદ તેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મોકલવામાં આવશે. ત્યાંથી મંજૂરી પછી એક ગેજેટ જારી કરવામાં આવશે, જે પછી તે સંપૂર્ણપણે કાયદાનું સ્વરૂપ લેશે. જ્યારે વિપક્ષ વતી કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવી બિલ પર ચર્ચા શરૂ કરી શકે છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા દિલ્હી અધ્યાદેશનો સૌથી વધુ વિરોધ કરી રહ્યા છે. આ બિલ દિલ્હીમાં ગ્રુપ એ અધિકારીઓની બદલી અને પોસ્ટિંગ માટે સત્તાની રચના માટે અમલમાં રહેલા અધ્યાદેશનું સ્થાન લેશે. ત્યારબાદ અરવિંદ કેજરીવાલ સરકારે સીધો નિર્ણય લેવાને બદલે એલજી પાસેથી મંજૂરી લેવી પડશે.

ઈલોન મસ્ક અને માર્ક ઝકરબર્ગની કેજ ફાઈટનું લાઈવ સ્ટ્રીમિંગ થશે

આખી દુનિયા દંગલ જોશે : ઈલોન મસ્કે ઝકરબર્ગ સાથે દંગલ કરવા તૈયારી કરી ઝકરબર્ગે પણ એક્સપર્ટ પાસેથી ફાઈટની તાલીમ લીધી

નવી દિલ્હી, તા.૬

ધુની મગજના ઉદ્યોગ સાહસિક ઈલોન મસ્કે જાહેરાત કરી છે કે તે સૈંદ્ગ ના ઝઈ માર્ક ઝકરબર્ગ સાથે કેજ ફાઈટ કરશે જેનું ઠ પર લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. એટલે કે આખી દુનિયા સોશિયલ મીડિયા પર આ ફાઈટને જોઈ શકશે.]િજઙ્ઘ અને સ્પેસએક્સ જેવી કંપનીઓના માલિક ઈલોન મસ્કે ઝકરબર્ગ સાથે પાંજરામાં મુકાબલો કરવા માટે પોતાનું મન બનાવી લીધું છે.

મસ્કે કહ્યું છે કે ઝકરબર્ગ સાથે તેની ફાઈટ થશે ત્યારે તેનુંૈંપિર લાઈવ પ્રસારણ કરાશે જે હવે ઠ તરીકે ઓળખાય છે. તેમણે કહ્યું કે આ મેચમાં જે કમાણી થશે તે બધી ચેરિટી માટે વાપરવામાં આવશે.

ઝકરબર્ગ પણ ઈલોન મસ્ક સાથે પાંજરાની અંદર ફાઈટ કરવા માટે તૈયાર થઈ ગયા છે. તેમણે ઈલોન મસ્કની એક ટ્વીટના જવાબમાં જણાવ્યું કે "હું કેજ ફાઈટ માટે તૈયાર છું."

કરાચીથી રાવલપિંડી જતી હજારા એક્સપ્રેસ પાટા પરથી ઉતરી

અકસ્માતમાં ૧૫ લોકોના મોત, અનેક ઘાયલ

કરાચ, તા.૬

પાકિસ્તાનના કરાચીથી રાવલપિંડી જતી હજારા એક્સપ્રેસના કેટલાક ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. જેમાં ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા છે. જ્યારે ૫૦ જેટલા લોકો ઘાયલ થયા છે. સ્થાનિક સમાચાર ચેનલ જિયો ન્યૂઝના રિપોર્ટ મુજબ કરાચીથી લગભગ ૨૭૫ કિલોમીટર દૂર સ્થિત એક સ્ટેશન પાસે થયેલા આ ભીષણ ટ્રેન અકસ્માતમાં હજુ વધુ લોકો ઘાયલ થયા હોવાની આશંકા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલ ખસેડાઈ રહ્યા છે.

પ્રસાશન બચાવ અભિયાન ચલાવી રહ્યું છે અને આજુબાજુની હોસ્પિટલોમાં ઈમરજન્સી જાહેર કરાઈ છે. ટ્રેનના પાટા પરથી ઉતરવાનું કારણ હજુ જાણી શકાયું નથી. જિયો ન્યૂઝે શક્કુર રેલ મંડળના અધીક્ષક મહમૂદુર્રહમાનના હવાલે જણાવ્યું કે દુર્ઘટનાના કારણે, અપ ટ્રેક પર ટ્રેનોની અવરજવર બંધ કરાઈ છે.

પાકિસ્તાની સમાચાર ચેનલ ડોનના જણાવ્યાં મુજબ પાકિસ્તાન રેલવેના સુક્કુર મંડલ વાણિજ્યિક અધિકારી (ડીસીઓ) મોહસિન સિયાલે જણાવ્યું કે હું દુર્ઘટના સ્થળે જઈ રહ્યા છું. તેમણે કહ્યું કે કેટલાક લોકો જણાવી રહ્યા છે કે પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. કેટલાક કહે છે કે આઠ ડબ્બા ખડી પડ્યા છે. કેટલાક ૧૦ ડબ્બા ઉતરી ગયાનું જણાવે છે.

કેપ્ટન રોહિત શર્માએ ક્રિકેટ એકેડમી ખોલી

નવી દિલ્હી, તા.૬

ઈન્ડિયન ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા પોતાની ઈન્ટરનેશનલ કરિયરના અંતિમ પડાવ પર પહોંચી ગયા છે. ૩૬ વર્ષીય રોહિત નિવૃત્તિ બાદ હવે પોતાના બિઝનેસ પર ફોકસ કરવાનું પ્લાનિંગ કરી રહ્યો છે. તેવામાં હવે તેણે જાપાન, સિંગાપોર બાદ અમેરિકામાં પોતાની ક્રિકેટ એકેડમી ખોલી દીધી છે. અમેરિકામાં ક્રિકેટ ઘણું ઝડપથી વિકસી રહ્યું છે. ઓલિમ્પિકમાં પણ તેની ટીમ રમે એવા અણસાર જણાઈ રહ્યા છે. તેવામાં કેલિફોર્નિયામાં તેણે પોતાની ક્રિકેટ એકેડમી ખોલી દીધી છે.

સિંગાપોરથી ક્રિકેટર ચેતન સૂર્યવંશી રોહિત શર્માનો બિઝનેસ પાર્ટનર છે. તેણે સોશિયલ મીડિયામાં રોહિત શર્માની સાથે ફોટોઝ શેર કર્યા હતા. જેમાં અમેરિકાની કેપ્ટનશિપ કરી ચૂકેલા સૌરભ નેત્રાવલકર પણ સામેલ હતા. રોહિત શર્માની એકેડમીનું નામ ક્રિકકિંગડમ ક્રિકેટ એકેડમી છે. આગામી વર્ષે અમેરિકા પાસે ૨૦ વર્લ્ડ કપને હોસ્ટ કરવાની તક પણ રહેલી છે. રોહિત પણ આ અંગે ઘણો ઉત્સુક છે અને કામ કરી રહ્યો છે. રોહિત શર્માની આ પહેલી ક્રિકેટ એકેડમી નથી. ભારત ઉપરાંત રોહિતની એકેડમી જાપાન અને સિંગાપુરમાં પણ છે. આ તમામ દેશો ક્રિકેટ માટે નવા છે અને તેની પ્રેક્ટિસ ત્યાં ઓછી છે. ભારતીય ટીમના ફાસ્ટ બોલર અને મુંબઈમાં રોહિત શર્માના સાથી ધવલ કુલકર્ણી મેન્ટરની ભૂમિકા ભજવે છે. જાણીતા ક્રિકેટ કોચ ડેવ વિટમોર પણ એકેડેમી સાથે જોડાયેલા છે. ભારતીય ટીમ આ મહિનાના અંતમાં શરૂ થઈ રહેલા એશિયા કપમાં ભાગ લેવાની છે. તે પહેલા રોહિત શર્મા આરામ કરી રહ્યો છે.

‘હર હર શંભુ’ની ગાયિકાના ભાઈની હત્યા

નવી દિલ્હી, તા.૬

થોડા સમય પહેલાં સોશિયલ મીડિયા પર આવેલું ‘હર હર શંભુ’ગીત ખુબ જ પ્રચલિત થયું હતું. આ ભક્તિ ગીત લોકોને એટલું પસંદ આવ્યું કે તેણે યુટ્યુબ પર અનેક નવા રેકોર્ડ બનાવી દીધાં. તમને જાણીને નવાઈ લાગશે પણ આ ગીત એક મુસ્લિમ ગાયિકાએ ગાયું બતું. ફરમાની નાઝે આ ગીત ગાયું હતું. હાલ એવા સમાચારો સામે આવી રહ્યાં છેકે, હર હર શંભુની ગાયિકા ફરમાની નાઝના પિતરાઈ ભાઈની સરાજાહેરમાં હત્યા કરી દેવામાં આવી છે. યુટ્યુબર ફરમાની નાઝના પિતરાઈ ભાઈની હત્યા બાદ ઘટનાસ્થળે પહોંચેલા ગ્રામજનો અને પરિવારજનોએ સરકારી હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. પોલીસે લોકોને શાંત પાડ્યા હતા. લોકોનો આરોપ છે કે ગામના જ કેટલાંક લોકોએ તેની હત્યા કરી છે.‘હર હર શંભુ’ની ગાયિકા ‘ફરમાની’ના પિતરાઈ ભાઈની ચાકુ મારીને જાહેરમાં હત્યા કરાઈ હોવાનું પણ આ કેસમાં સામે આવ્યું છે.

ડેન્ગ્યુ મચ્છર

તમારો દુશ્મન તમારા ઘરમાં

ડેન્ગ્યુ

તાવનો મચ્છર આપનો દુશ્મન !

ડેન્ગ્યુ મેલેરીયા, ચિકુનગુનિયા રોગથી બચવા માટેના ઉપાયો

મેલેરિયાથી સાવધાન

- મેલેરિયા મચ્છરથી ફેલાતો રોગ છે.
- મેલેરિયાએ પરોપજીવી જંતુથી અને એનોફિલીસ માદા મચ્છરથી ફેલાતો રોગ છે.
- લોહીના બે ટીંપા આપી નિદાન કરાવો.
- નિદાન પ્રમાણે સંપૂર્ણ સારવાર લો.
- સમયસરની સંપૂર્ણ સારવાર ન લેવાથી મેલેરિયા જીવલેણ નીવડી શકે છે.
- નાના બાળકો અને સગર્ભા માતાઓએ ડોકટરની સલાહ મુજબ સારવાર અવશ્ય લેવી.

આવો મેલેરિયાને અટકાવવા સૌ સહભાગી બનીએ.

મેલેરીયા મુક્ત ગુજરાત

- પૂરેપુરૂં શરીર ઢંકાય તે પ્રમાણે કપડાં પહેરવા.
- વહેલી સવારે અને સંધ્યા કાળે ઘરના બારી બારણાં એક કલાક માટે બંધ રાખવા.
- જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં જ સુવાની ટેવ પાડો.
- નાના બાળકો અને સગર્ભા માતાઓએ સુવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરવો.
- પાણીના સંગ્રહ સ્થાનોમાં હવાચુસ્ત ઢાંકણ ઢાંકીને પોરા ના પડે તેવી રીતે રાખવા.
- મલેરિયા ફેલાવતા એનાફિલીસ મચ્છરો બંધિયાર પાણીમાં પેદા થાય છે.
- મચ્છરની ઉત્પતિ અટકાવવા પાણી સંગ્રહના પાત્રો અઠવાડિયામાં એક વાર ખાલી કરો, સુકવીને પછી ભરો.
- પાણી નાના ભરાવા વહેવડાવી દો કે માટીથી પુરાણ કરો.
- મોટા પાણીના ભરાવામાં પોરાનાશક માછલી અવશ્ય મુકાવો.
- ચોમાસામાં નકામા ટાયરો, ખાલી વાસણો કે ધાબા પરના ડબલા ડબલીમાં વરસાદનું પાણી ભરાવા ન દો.

મેલેરીયા તાવનું નિદાન અને સારવાર અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર તથા સરકારી દવાખાનામાં વિના મુલ્યે થાય છે.

NVBDCP CHANDIGARH

આરોગ્ય વિભાગ, ગાંધીનગર મહાનગરપાલિકા

તકેદારી અને સાવચેતી, રોગ અટકાવવો સૌની જવાબદારી...

GANDHINAGAR MUNICIPAL CORPORATION